
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




રાંક સરકારને એના પ્રધાનો જ લૂંટી જશે!
ને પ્રાદેશિક પક્ષોના દબાણોથી જ તૂટી જશે!
ખૂટી જશે શબ્દો નિવેદનોના ખૂલાસા કરી કરી-
કટે માથું કઠપૂતળી, સંચાલક છૂટી જશે..
(મનમોહન ની મૂંઝવણ)




એટીએમ ત્થા,
બાળ અપહરણ -
ઉડાડે ઉંઘ
(પોલીસને ઉજાગરા)

સેનામાં 'ચક્ર'
થઇ ગઇ સામેલ -
'સબમરીન'..
(બેસસે તળિયે..)

## ચિંતન

**પત્ર ન ફલિતા સ્તરયો વિકસિત સરસી રૂહાઃ સરસ્યો વા ।**
**ન ચ સજ્જનાઃ સદ્દેશો, ગચ્છતુ નિયનં સ્મશાન સમઃ ॥**

આપણા દેશનું સર્વોતોમુખી પતન થઇ રહ્યું છે. બધા પક્ષો, બધા પક્ષો તો રાષ્ટ્રની તિજોરી લૂંટવા બેઠા છે, પણ 'સૈન્ય'માં જે થોડો-ઘણો વિશ્વાસ હતો તે પણ ધોવાણનાં આરે છે. આવા દેશ માટે-બરાબર લાગુ પડતો આ શ્લોક છે :-

'જે દેશમાં ફળ આપનારાં વૃક્ષો ન હોય, ખીલેલાં કમળો અને સરોવર ન હોય, તેમજ સાત્ત્વિક-સંનિષ્ઠ સજ્જનો ન હોય, એવો સ્મશાનવત્ દેશ ભલે નાશ પામતો!'

આપણું એક રાજય કે એક પણ પક્ષ એવો નથી જે કૌભાંડ અને ખાયકીથી નિષ્કલંક હોય આવા રાષ્ટ્રના નેતાઓ નિષ્ઠા વિનાના, સ્વાર્થી હોય એમની સેવા-કાર્યો નિષ્ફળ-પરિણામ વિનાનાં હોય પાંચ વર્ષ પગાર લઇ 'વોક આઉટ'માં વિતાવ્યાં હોય એ શું દેશ સેવા-વિકાસ કાર્યો કે પ્રજાનો અવાજ રજૂ કરે? અરે! વિકાસ માટે-અંગત ખર્ચ માટેની સુવિધા માટે મળતી ગ્રાંટ પણ સવેળા-સારી રીતે વાપરી શકતા નથી. એમાંય સ્વાર્થ-સંબંધો શોધે છે. પ્રશ્નો પૂછવા પૈસા લે છે..

આવા નિષ્ઠા વિનાના, સ્વાર્થી નેતાઓ હોય, આવું તંત્ર હોય તો આવો દેશ 'સ્મશાન'વત્ થઇ વિનાશ પામે એમાં શું આશ્ચર્ય?!

## સુવિચાર

- સફળતાની નીચે અનેક ભૂલો ઢંકાયેલી હોય છે - બર્નાડ શો
- સ્ત્રી એટલે યૌવનકાળમાં ગૃહલક્ષ્મી, મધ્યકાળમાં સાચો સાથી અને વૃધ્ધાવસ્થામાં 'પરિચારિકા' - બેકન
- સાચા માણસને ચિંતા નથી હોતી, ડાહ્યા માણસને મૂંઝવણ નથી હોતી, બહાદૂર માણસને ડર નથી હોતો - કોન્ફ્યુશિયસ
- સંતોષી અને આજ્ઞાંકિત-સુશીલ પત્ની અને સુખ શાંતિવાળું ઘર, એ વસ્તુ પતિ માટે અઢળક કમાણી કરતાં પણ વધારે સુખ આપનારાં છે - કાર્નેગી
- સાહસ વગરનું હડાપણ અને આશા વગરની શ્રધ્ધા બને વાંઝણા છે - માર્ટિન લ્યૂથર
- સ્ત્રીનું સૌથી શ્રેષ્ઠ આભૂષણ મૌન છે - સોફોહિલ્સ
- તનના ઘડપણ કરતાં પણ મનનું ઘડપણ વધું ખરાબ છે - હેઝલિટ

## બોધકથા

અત્યારે તો આપણા નેતાશ્રીઓ, સચિવશ્રીઓ પોતાના પદ અને સત્તાનો ભાર ચોવીસ કલાક પોતાના માથે અને મગજમાં લઇ ફરે છે. ઘરમાં, રસોડામાં, બાળકો પાસે પોતાની વ્યસ્તતા અને મહત્તાનું પ્રદર્શન કર્યા કરતાં હોય છે એટલું જ નહીં મંદિરો-યાત્રાધામોમાં વીવીઆઇપી થઇ ભગવાન પર પણ રૂઆબ છાંટી આવે 'બાપુઓ'ની કથામાં પૂર્વ સૂચના મુજબ 'સોફા' ગોઠવાઇ જાય!

જાપાનના એક મોટા સંત 'મેઇજી' ને મળવા માટે રાજયપાલ કિટાગાકી એ કાર્યક્રમનું આયોજન કર્યું. સરકારી છાપવાળો એક પત્ર તૈયાર કરી મેઇજીને તેનો સચિવ આપવા ગયો અને કહ્યું નામદાર મહામહીમ રાજયપાલશ્રી આપને મળવા ઇચ્છે છે તો આપનો અનુકૂળ સમય જણાવો!

પત્ર વાંચી, સંત મેઇજીએ બાજુમાં મૂકી દીધો અને કહ્યું કે, 'હું કોઇ રાજયપાલશ્રીને મળવા ઇચ્છતો નથી, મારી પાસે સરકારી સાહેબોને મળવાનો વ્યર્થ સમય પણ નથી.'

સચિવશ્રીએ રાજપાલને મેઇજીનો સંદેશ આપ્યો. રાજપાલ સમજુ અને ધર્મજ્ઞ હતા.

બીજે દિવસે સાદા વસ્ત્રોમાં, ચાલતા સંત મેઇજીને મળવા ગયા અને તેમના શિષ્યને કહ્યું આપ સંતને સંદેશો આપો કે કોઇ કિટાગોકી આપના દર્શને આવ્યાં છે..

સંત જાતે બહાર આવ્યા અને કિટાગોકીનો હાથ પકડી આશ્રમમાં દોરી ગયા.

# દેશને પ્રધાનમંત્રીના કડક વલણની અપેક્ષા છે




લશ્કરની બે ટુકડીઓ દિલ્હી ભણી કૂચ કરી રહી છે એ વાત ખોટી છે એમ પ્રધાનમંત્રી શ્રી મનમોહનસિંગે સમાચાર માધ્યમોને જણાવ્યું. સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટોનીએ પણ આ જ મતલબનું નિવેદન પ્રચાર માધ્યમો સમક્ષ કર્યું. આ સમાચારો હાશકારો જરૂર આપે છે, પણ ચિંતા બમણી ઉપજાવે છે. આપણા લોકશાહી દેશમાં આ પ્રકારના સમાચારો છપાય અને એના રદિયા અપાય એ જ ચિંતાજનક છે. કેટલા નીચે ઉતર્યા છે આપણે? કેવી હાલ કરી છે આપણા સાર્વભૌમત્વની? કેવા ગાબડા છે આપણા વહીવટમાં? સંરક્ષણ સેવાના અધિકારીઓ આવું વિચારી શકે અથવા એમના વિશે પ્રચાર માધ્યમો આવું લખી શકે, એ જ બતાવે છે કે આપણે લોકશાહી પરંપરામાં ઘણાં ઉણાં ઉતરતા જઈએ છીએ. વિશેષ કરીને સંરક્ષણની બાબતોમાં આપણે ગંભીર નથી. આ પક્ષ કે પેલા પક્ષની વાત જવા દઈએ. શાસક પક્ષ અને વિરોધ પક્ષ, અરે, દેશના બધા જ પક્ષોએ અને બધા જ નેતાઓએ, તમામ વૈચારિક મતભેદોને એકબાજુ મુકી સંરક્ષણ સેવાઓના મામલે પ્રમાણિકતાથી એક થવું પડશે. દેશના હિતમાં કઠોર નિર્ણય લેવા જરૂરી છે. લશ્કરની કોઈ પણ બાબત મીડિયા સુધી પહોંચે એ કોઈ પણ સત્તાતંત્ર ચલાવી શકે નહિ.

પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંગની વધુ પડતી સાલસતાનો કે ભોળપણનો કેટલાક તત્ત્વો લાભ લઈ રહ્યા છે, ગેરઉપયોગ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કડકમાં કડક ભાષામાં લશ્કરનાં તમામ અધિકારીઓ સાથે વાત કરીને અત્યારે ચાલતી વૃત્તિ-પ્રવૃત્તિઓને ડામી દેવી જોઈએ. કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના દેશને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી લશ્કરના તમામ અધિકારીઓને ગુપ્તતા માટે તાકીદ કરવી જોઈએ. કોઈ પણ સરકારમાં નીતિ વિષયક અને અમલીકરણ એજન્સીઓ વચ્ચે વિચારભેદ હોઈ શકે, અભિવ્યક્તિનો ભેદ હોઈ શકે પણ દેશના ગૌરવને હાનિ થાય તેવા પગલાં કોઈ ભરે તે કોઈ પણ ભોગે ચલાવી ન શકાય. પ્રધાનમંત્રી એ હિંમતપૂર્વક આકરા નિર્ણયો કરવા જોઈએ અને તમામ પક્ષોએ, તમામ પ્રચાર માધ્યમોએ પ્રધાનમંત્રીને સમર્થન આપવું જોઈએ. સરકાર, પક્ષ, જૂથ કે વ્યક્તિ કરતા દેશ મહાન છે. રાષ્ટ્રને હાનિ પહોંચે તેવી વૃત્તિ - પ્રવૃત્તિને કોઈ પણ સ્તરે ચલાવી લેવાય નહિ. વધુ મોડુ થાય તે પહેલાં દેશની સંરક્ષણ સેવાઓમાં સર્જાતી આ તિરાડોને તાત્કાલિક પૂરી દેવાનો પ્રયાસ કરવો જોઈએ.

# એ માણસ મર્યો નહોતો...




હજારો વરસ પહેલા ઈરાન પર એક ખૂંખાર સમ્રાટની સલ્તનત હતી... ઝહાક! એ સમ્રાટ જેના નામથી જ દહેશત પેદા થઈ જતી... એ સમ્રાટ છે ડરનો - દહેશતનો - દર્દનો બીજો મતલબ બની ચૂક્યો હતો... સલ્તનત એને ધિક્કારતી.

એક દિવસ ઝહાક બિમાર પડી ગયો... અતિશય બિમાર! એ બિમારી જેના વિશે કોઈને ખબર જ ન હતી.. એ બિમારી જેની કોઇ દવા જ નહોતી! દર્દ વધતુ ગયું... દિવસો વીતતા ગયા... ઝહાક પથારી પર કરવટ બદલતો રહ્યો! પરંતુ, એક દિવસ સવારે...!

ઝહાક ખભા દુ:ખવા લાગ્યા... અસહ્ય પીડા થવા લાગી. અને તેના ખભા ફાડીને બે સાપ બહાર આવ્યા. કાળી ચમકદાર આંખોવાળા બે સાપ... ફૂંફાડા મારતા, જીભ લપલપાવતા બે સાપ! આ સાપે ઝહાકને જ ડંખ દીધો અને ઝહાક મૂર્છિત થઈ ગયો... એ ના ખાઈ શકતો, ન બોલી શકતો... એના ખભા પરનાં સાપ આમ જ મંડરાયા કરતા. કોઈની પાસે કોઈ જ રસ્તો ન હતો. આખરે એક દરબારી હકીમ ઊભો થયો, 'મારી પાસે એક તરકીબ છે.' બધા આશ્ચર્યથી જોવા લાગ્યા.

'સાપોને ખવડાવો. ત્યાં સુધી ખવડાવો જયાં સુધી તે સૂઈ ના જાય. સાપોને ખવડાવો, સાપોને જુવાન છોકરોનાં દિમાગ ખવડાવો.'

આખા રાજયમાં હુકમનામા ફર્યા. 'રોજ બે જુવાન આદમીઓની કત્લ થશે અને તેમાં દિમાગ સમ્રાટનાં ખભા પરથી ફૂટેલા સાપોને ખવડાવાશે.'

અને પછી... રોજ સૈનિકોનાં કાફલા નીકળતા અને સલ્તનતમાંથી બે આદમી ઓછા થઈ જતા... બે જુવાન આદમી! ચારે બાજુ હતાશા વ્યાપી ગઈ. નિરાસા ફેલાઇ ગઈ ચારે બાજુ. આત્મા પર અંધકાર હતો, અને આવાઝ કેદ હતો; જશ્નનું શહેર માતમની રાજધાની બની ગઈ...

અને એક દિવસ...

જન્મ થયો...સિયાયુષનો.

સિયાયુષ... બહાદુર! તાકતવર! શાલીન!

એ ખુદ્દાર હતો... એ ખુલ્લા દિલનો હતો!

એની વાતોમાં આઝાદીની ખૂશ્બુ હતી...

એનાં અવાજમાં વિદ્રોહ રણકાર હતો... મહિનાઓ વીતી ગયા... સલ્તનતમાં આઝાદીની હવાઓ ફેલાઇ રહી હતી... અને એક દિવસ લોકો નવા વરસનું જશ્ન મનાવવા ભેગા થયા છે... ઔરતો અને મર્દો, મર્દો અને ઔરતો - બચ્ચાઓ, બુઢ્ઢાઓ...

ખુશીનો માહોલ હતો...!

ખુશીનો માહોલ હતો...! અચાનક ક્ષિતિજને પેલે પાર ધૂળની ડમરીઓ ઊડતી દેખાઇ... વીજળીનાં કડાકાઓ જેવા અવાજ સંભળાવા લાગ્યા... એક ભય-તરંગ જાણે પ્રસરી ગયો... જમીનમાં કંપન મહેસૂસ થઈ રહ્યા હતા... અને દૂરથી ઝહાકની સેનાનાં અશ્વો નજરે ચઢ્યા... ખૂંખાર, નિર્દયી, રક્ત-તરસ્યા...!! ઝહાકની સેનાનાં અશ્વો! પછી...

પછી એક યુધ્ધ થયું... સશસ્ત્ર અને નિઃશસ્ત્ર વચ્ચેનું... કાયર અને વીર વચ્ચેનું... સ્વતંત્ર એ પરતંત્ર વચ્ચેનું... પછી એક યુધ્ધ થયું! કાયરો સંતાઇ ગયા. ડરપોકો ભાગી ગયા, બંને બહાદુરો ધડકતી છાતીઓ ખુલ્લી કરી મેદાનમાં લડતા રહ્યા... અને વચ્ચોવચ ઊભો હતો... અભય-નિશ્ચલ - સિયાયુષ... જેનો જુસ્સાભર્યો અવાજ તલવારોનાં શોરની વચ્ચે પર ગુંજી રહ્યો હતો... વીરનાદ! એ ચંદ બહાદુર લોકો લડતા રહ્યા... આઝાદી માટે...! સ્વાભિમાન માટે... આખો દિવસ... આખી રાત... આખો દિવસ... આખી રાત! અને અંતે થોડાક બહાદુર લોકોની લાશો રણમેદાન પર વિખરાયેલી પડી હતી. લડાઇ લડી ચૂકેલી લાશો.. વીરગતિ પામી ચૂકેલી લાશો... નામ વિનાની લાશો... ચહેરા વિનાની લાશો! એ લાશો... જેમાંથી ટપકતું - રીસતું ખૂન - એ લોહી ધરતીનાં પેટાળમાં ઉતરી ગયું... એ લોહી... નદીનાં પાણીમાં ઓગળી ગયું... એ લોહી... હવાઓમાં પ્રસરી ગયું...!! એ લોહી - શહાદતનું લોહી!

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૬ઠ્ઠી એપ્રિલ ત્રણ વખત પુલિત્ઝર પારિતોષિક મેળવનાર કવિ આર્બિટન રોબિન્સની પુણ્યતિથિ**

અત્યંત પ્રતિષ્ઠિત પુરસ્કાર 'પુલિત્ઝર' પારિતોષિક કાવ્ય માટ માટે ત્રણ વાર મેળવનાર પ્રતિષ્ઠિત કવિ એડવિન આર્બિટન રૉબિન્સની આજે પુણ્યતિથિ. તેઓનો 'કેપ્ટન કેઈન' કાવ્યસંગ્રહ અમેરિકન પ્રમુખ થિયોડૉર રૂઝવેલ્ટને પણ ગમેલો. તા. ૬-૪-૧૯૩૫ માં રૉબિન્સનું અવસાન થયું.

- ૬ઠ્ઠી એપ્રિલ ૧૮૭૫માં દયાનંદ સરસ્વતીએ આર્યસમાજ સ્થાપના કરી.
- ચિત્રકાર સ્કાયેલનો ઈટાલીમાં ૬-૪-૧૫૨ માં થયો.
- સાહિત્યકાર પન્નાલાલ પટેલનું ૬-૪-૧૯૮૯ માં અવસાન થયું.
- બ્રિટનના જાણીતા વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલનું ૬-૪-૧૯૫૫માં અવસાન થયું.

# કયા દિવસે પૃથ્વી સૂર્યની સૌથી વધુ દૂર હોય છે?

### વિષય : વિશ્વની ભૂગોળ

(૧) નીચેનામાંથી કયો ગ્રહ 'ઠંડા ગ્રહ' ગણાય છે?
(અ) શુક્ર (બ) મંગળ (ક) બુધ (ડ) ગુરૂ
(૨) પૃથ્વી પર રાત્રિ-દિવસ કયારે સરખાં હોય છે?
(અ) ૨૨ ડિસેમ્બર (બ) ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર
(ક) ૨૧ માર્ચ અને ૨૨ ડિસેમ્બર (ડ) ૪ જાન્યુઆરી અને ૨૨ સપ્ટેમ્બર
(૩) કયા દિવસે પૃથ્વી સૂર્યની સૌથી વધુ દૂર હોય છે?
(અ) ૩૦ જાન્યુઆરી (બ) ૨૨ સપ્ટેમ્બર
(ક) ૪ જુલાઇ (ડ) ૨૨ ડિસેમ્બર
(૪) ગ્રીનીચ રેખા કયાં આવેલી છે?
(અ) ન્યૂયોર્ક પાસે (બ) પેરિસ પાસે
(ક) અલાહાબાદ પાસે (ડ) લંડન પાસે
(૫) આંતરરાષ્ટ્રીય દિનાંતર દિવસ શું છે?
(અ) વિષુવવૃત્ત (બ) ૦° રેખાંશ
(ક) ૯૦° રેખાંશ (ડ) ૧૮૦° રેખાંશ
(૬) આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા કયા મહાસાગરમાં આવેલી છે?
(અ) આર્કટિક મહાસાગર (બ) એટલાન્ટિક મહાસાગર (ક) પેસિફિક મહાસાગર (ડ) હિંદ મહાસાગર
(૭) પૃથ્વી પટનો સૌથી મોટો ખંડ કયો છે?
(અ) દ. અમેરિકા (બ) આફ્રિકા
(ક) એશિયા (ડ) યુરોપ
(૮) વિશ્વના કયા ભાગમાં સૌથી વધુ વરસાદ થાય છે?
(અ) ઢાકા - બાંગ્લાદેશ (બ) તહેરાન - ઇરાન (ક) ચેરાપુંજી - ભારત (ડ) કેનબરા - ઓસ્ટ્રેલિયા
(૯) કયા દેશમાં ગરમીની ઋતુમાં નાતાલ ઉજવાય છે?
(અ) ફ્રાન્સ (બ) ઇટલી (ક) ચીન (ડ) ન્યુઝીલેન્ડ
(૧૦) ભારતનાં કયા રાજયમાં શિયાળામાં અધિક વર્ષા થાય છે?
(અ) કેરળ (બ) તમિળનાડુ
(ક) પંજાબ (ડ) પશ્ચિમ બંગાળ
(૧૧) 'વિટી કલ્ચર' એટલે શું?
(અ) દ્રાક્ષની ખેતી (બ) ફૂલોની ખેતી
(ક) મસાલાની ખેતી (ડ) ચાની ખેતી
(૧૨) કયા દેશમાં એસ્ટરની ખેતી થાય છે?
(અ) ચીન (બ) ભારત (ક) જાપાન (ડ) ઉ.અમેરિકા
(૧૩) દૂધ ઉત્પાદન સૌથી વધારે કયા દેશમાં થાય છે?
(અ) બ્રાઝિલ (બ) ઇન્ડોનેશિયા (ક) કયુબા (ડ) ભારત
(૧૪) ભારતના કયા રાજયમાં સૌથી વધુ કાળા મરચાનું ઉત્પાદન થાય છે?
(અ) કેરળ (બ) કર્ણાટક (ક) ઉત્તરપ્રદેશ (ડ) તમિલનાડુ
(૧૫) કયા દેશમાં સહકારી ધોરણે ખેતી કરવામાં આવે છે?
(અ) ડેન્માર્ક (બ) નોર્વે (ક) બેલ્જિયમ (ડ) ઉપરના બધા જ

### ● વિવિધા ●

**વિષય : ભારતમાં સૌથી મોટું**

(૧) મોટી શાળા : સાઉથ પોઇન્ટ હાઇસ્કૂલ, કોલકત્તા - ૧૧૬૮૩ વિદ્યાર્થીઓ
(૨) મોટી ઉંમરે પીએચ.ડી. થનાર : ડો. એમ.એલ. કથોરિયા, ૯૪ વર્ષે
(૩) મોટી ઉંમરે વડાપ્રધાન : મોરારજીભાઇ દેસાઇ, ૮૧ વર્ષે
(૪) નાની વયે રાષ્ટ્રપતિ : નીલમ સંજીવ રેડ્ડી, ૬૪ વર્ષે
(૫) નાની વયે વડાપ્રધાન : રાજીવ ગાંધી, ૪૦ વર્ષે
(૬) યુવાન વયે મેયર : સંજીવ નાયક (મુંબઇ), ૨૩ વર્ષે
(૭) વધુ વ્યસ્ત એરપોર્ટ : મુંબઇ એરપોર્ટ
(૮) મોટી પોસ્ટ ઓફિસ : જી.પી.ઓ. મુંબઇ
(૯) લાંબી રેલવે ટનલ : કારબુડે, મહારાષ્ટ્ર, ૬૫ કિ.મી.
(૧૦) મોટું ગુફા મંદિર : કૈલાશ મંદિર, વેરૂળ (ઇલોરા), મહારાષ્ટ્ર




(૧૧) મોટો પશુ મેળો : સોનપુર મેળો, (બિહાર)
(૧૨) મોટી ઉંમરના લેખક : નીરદ ચૌધરી, ૧૦૩ વર્ષે નિધન
(૧૩) સૌથી વધુ ગીત ગાનાર : લત્તા મંગેશકર
(૧૪) સૌથી વધુ કામદાર : ભારતીય રેલ્વે
(૧૫) સૌથી વધુ ઝડપી ટાઇપીસ્ટ : અભિષેક જૈન, મિનિટમાં ૧૧૦ શબ્દ

### ગયા સપ્તાહના સવાલનો જવાબ -

સવાલ - ભારતના હાલનાં સંરક્ષણ મંત્રી કોણ છે?
જવાબ - એ. કે. એન્ટોની

### સાચા જવાબો આપનાર પત્ર મિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઇન્ફોસીટી, જુ. સાયન્સ કોલેજ
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) શિવ-શ્યામ પી. જોષી : ઇ-૩૧/૧, જી.ઇ.બી. કોલોની
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) આકાશ જી. પટેલ : સે-૨૩
(૬) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૭) ઋચિત એ. પટેલ : સે-૨૯

### પૂછું એક સવાલ...!

(૧) મિહિર. એચ. જાની : સે-૨૩થી
પ્રશ્ન - પાકિસ્તાનમાં આવેલ લાહોર કઇ નદી કિનારે વસેલું છે?

(અનુસંધાન પાના નં. ૭ પર)

### દૂરબીન

હૉલેન્ડ દેશમાં લીપર હેઈમ નામનો કારીગર ચશ્મા બનાવીને વેચવાનું કામ કરતો હતો. એણે એક છોકરાને મદદ માટે નોકરીએ રાખ્યો હતો. છોકરાનું નામ વિલિયમ. આખો દિવસ એ છોકરો ચશ્મા માટે તૈયાર કરેલા લેન્સ સાથે રમ્યા કરતો. બે લેન્સ લઈને આમ ગોઠવે, તેમ ગોઠવે, બેઉ લેન્સને ભેગા કરે, એકબીજાથી દૂર લઈ જાય અને પછી તેમાંથી જુએ.

આમ રમતાં રમતાં બેઉ લેન્સનો ઉપયોગ કરી એક રમકડું બનાવ્યું અને તેને દુકાનના શૉ કૅસમાં મૂક્યું. દુકાને આવનાર ઘરાક એ જોઈ આનંદ મેળવતા.

સાચેસાચ આ તો એક દૂરબીન બની ગયું હતું.

પછી વિલિયમ ગેલેલિયો એ બીજા વધારે શક્તિશાળી દૂરબીન પણ બનાવ્યાં, એમણે બનાવેલા ચોથા દૂરબીનમાથી આકાશમાં જોયું.




ચંદ્રમા તરફ નજર માંડી તો તે આશ્ચર્યમાં ડૂબી ગયો. ચંદ્રમાં માત્ર પ્રકાશનો સીધો સાધો ગોળો ન હતો. પણ તેના પર પહાડ અને મેદાન પણ હતાં.


પછી તો એ આકાશ તરફ દૂરબીન માંડીને બેસી રહેતો હતો. ગેલેલિયો જે દૂરબીન બનાવતો તેમાં નાના નાના લેન્સ વાપરતો હતો. પરંતુ આજે તો ખૂબ શક્તિશાળી મોટા લેન્સ વડે દૂરબીન બનાવવામાં આવે છે.

દૂરબીનને દૂરની દુનિયાની આપણી તદન નજીક લાવી લીધી છે. એનો સઘળો યશ લીપર હેઈમ અને ગેલેલિયોનાં ફાળે જાય છે.

### કેટલાંક ભારતીય ઉપનામ

સુવર્ણમંદિરનું શહેર : અમૃતસર
ભારતનું હૉલીવુડ : મુંબઈ
સ્ટીલ નગરી : જમશેદપુર
ભારતનું પ્રવેશદ્વાર : મુંબઈ
પૂર્વનું વેનિસ : કોચીન
પર્વતોની રાણી : મસૂરી
મસાલાનો બગીચો : કેરળ
ડાયમંડ હાર્બર : કોલકત્તા
તહેવારોનું નગર : મદુરાઈ
રાષ્ટ્રીય રાજમાર્ગોનું સ્થાન : કાનપુર
બગીચાનું શહેર : કપૂરથલા
સરોવરની નગરી : ઉદયપુર
દક્ષિણની ગંગા : કાવેરી
મંદિરો અને ઘાટોનું શહેર : વારાણસી

### આ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



**બાળ મિત્રો,**

ઘણીવાર તમને ડરનો અનુભવ થયો હશે અથવા તમને બીક લાગતી હશે.

હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે તો ખાસ! સતત ડર લાગતો હશે કે નાપાસ થઇશ તો? વાંચેલું ભૂલી જઇશ તો? મમ્મી-પપ્પા મારશે તો? એવી તો કેટલીયે...

આવા કેટલાયે ડર ઘણીવાર કાલ્પનિક હોય છે. જે બન્યું નથી તે બનશે તો? એમ માનીને આપણે ડરતા રહીએ છીએ. અને આપણા શરીરમાં એનાથી ફેરફાર થાય છે. માથું દુઃખવા લાગે, તાવ આવી જાય, પરસેવો વળી જાય.

ખરું જોતાં તો આપણા મનની વિચારવાની શક્તિ ગજબ છે. આપણે વિચારીએ, ત્યારે શરીર પણ તે મુજબ રીએક્શન આપે છે. માટે હંમેશા હકારાત્મક વિચારો કરવા. વધારે પડતું વિચારીને 'કાગનો વાઘ' કરવો નહીં.

ખોટી બીક કે નિરાશા ખંખેરીને આત્મવિશ્વાસ કેળવવો જોઇએ. જેનાથી જે તે પરિસ્થિતિમાંથી બહાર નીકળવાની શક્તિ એકઠી કરી શકાય. જો કે કેટલાક પ્રકારનો ડર રાખવો પણ જરૂરી હોય છે. જેમ કે બાકી રહેલા કામની ચિંતા.

આવી કેટલીક ચિંતા આપણા હિતમાં હોય છે. જેનાથી આપણે મહેનત કરવા તૈયાર થઇએ છીએ અને તે મુજબ આયોજન કરતાં શીખીએ છીએ. માટે ડર રાખવો, ચિંતા કરવી પણ પ્રગતિ માટે જ. બીનજરૂરી કાલ્પનિક ભય ઊભા કરવા નહીં.